<u>તાત્કાલિક/સમયમર્યાદા</u>

ક્રમાંક:અમ-૩/ઘ/માધ્ય/૨૦૧૪/૬૪૫૬-૯૯
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧,ડાં જીવરાજમહેતાભવન,
ગુ.રા. ગાંધીનગર.
તારીખ૨૭/૬/૨૦૧૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય :-રાજયની સરકારી તેમજ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક ચાલુ વર્ષે ધો-૯માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:-શિ.વિ.ના અ.સ.ક્ર:બમશ/૧૧૧૪/૮૮/ગ, તા.૨૫/૬/૨૦૧૪

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નવા શૈક્ષણિક સત્રમાં ધો-૮માં પાસ થયેલ વિદ્યાર્થીઓ ધો-૯માં પ્રવેશ મેળવવા માંગે છે. પરંતુ ઘણી શાળાઓમાં વર્ગ ન હોવાના કારણે સંખ્યાનું કારણ દર્શાવી પ્રવેશ આપવામાં આવતા નથી તે બાબત ધ્યાન ઉપર આવેલ છે. આ સ્થિતિ ધો-૯માં પ્રવેશ ઇચ્છિત વિદ્યાર્થીઓના શિક્ષણ હિત સાથે સુસંગત જણાતી નથી.

આથી સુચના આપવામાં આવે છે કે, ધો-૯માં પ્રવેશ મેળવવા માંગતા તમામ વિદ્યાર્થીઓને રાજયની સરકારી તેમજ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં પ્રવેશ સરળતાથી મળી રહે અને ધો-૯માં પ્રવેશ મેળવવા માંગતા હોય તેમને <u>અચુકપણે</u> પ્રવેશ આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની તમામ શાળાઓને સુચના આપવાની કાર્યવાહી કરવા તથા ધો-૯માં કોઇ વિદ્યાર્થી પ્રવેશથી <u>વંચિત ન રહે</u> તે અંગેની <u>તકેદારી રાખવા</u> જણાવવામાં આવે છે.

ધો-૯માં વધારે વિદ્યાર્થીઓના પ્રવેશ મેળવવાના કારણે જે શાળાઓમાં વર્ગવધારાની જરૂરીયાત ઉપસ્થિત થતી હોય તો, તેવા કિસ્સાઓમાં વર્ગ વધારા અંગેની નિયમોનુસારની દરખાસ્તો આ કચેરીને રજુ કરવાની કાળજી લેવા પણ જણાવવામાં આવે છે.

આ બાબતે ટોચઅગ્રતા આપશો.

(ઇ.પી.દેસાઇ)
સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.